| | | | |
|---|---|---|---|
| GJAR040014602015 | | કેસ દાખલ થયાની તા. | ૦૯/૦૫/૨૦૧૬ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૯/૦૫/૨૦૧૬ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૪/૦૭/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ–૧૦ , મહિનો–૦ ૧,દિવસ–૨૫ | |

---

**મેઘરજના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૨૩૭/૨૦૧૬**

**આંક :**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન સે. ગુ. ર. નં. ૩૦૯૫/૨૦૧૫

**• વિરૂધ્ધ •**

**આરોપીઓ :** (૧) ભીખાભાઈ પુજાભાઈ ડામોર**(અબેટ)**

(૨) રાજેશભાઈ પુજાભાઈ ડામોર

(૩) પુજાભાઈ લાખાભાઈ ડામોર**(અબેટ)**

(૪) પીન્ટુભાઈ ભીખાભાઈ ડામોર

(૫) હીરાભાઈ દોલાભાઈ પરમાર

(૬) જેશાભાઈ દોલાભાઈ પરમાર

(૭) કાલીબેન વા/ઓ ઉર્ફે મણીબેન હીરાભાઈ પરમાર

આરોપી નં.૧ થી ૪ રહે.બેલ્યો,તા.મેઘરજ તથા

૫ થી ૭ રહે.રોલા,તા.મેઘરજ,જી.અરવલ્લી

---

**ગુનો: ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી સી.કે.પટેલ/જે.જી.પ્રજાપતિ

---

**॰ <u>હુ ક મ</u> ॰**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન સે. ગુ. ર. નં. ૩૦૯૫/૨૦૧૫તા. ૦૯/૦૫/૨૦૧૬ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **<u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–</u>**

સદર કામે તા.૧૦/૦૫/૨૦૧૫ના કલાક ૧૮/૩૦ વાગે મોજે બેલ્યો ગામે આરોપી નં.૧નાએ સાહેદ નં.૬ માલાભાઈને બરડાના ભાગે લોખંડનો તાવેતો મારેલો તથા બાકીના આરોપીઓએ ગળદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી મેજી. સાહેદના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં

આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક – ૩૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૩૫ થી આંક– ૪૧ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી મંગુબેન માલાભાઈ મછાર ની જુબાની | ૮૧ |
| ૨ | ફરિયાદ | ૮૨ |
| ૩ | પંચ સાહેદ લક્ષ્મણભાઈ ભુરાભાઈ ખાંટની જુબાની | ૪૬ |
| ૪ | પંચનામુ | ૪૭ |
| ૫ | પંચ સાહેદ ભલાભાઈ લક્ષ્મણભાઈ ડામોરની જુબાની | ૯૧ |
| ૬ | પંચનામુ | ૯૨ |
| ૭ | સાહેદ માલાભાઈ અમરાભાઈ મછારની જુબાની | ૮૩ |
| ૮ | સાહેદ વજાભાઈ કાળુભાઈ મછારની જુબાની | ૮૪ |
| ૯ | સાહેદ દિલીપભાઈ હાથીભાઈ મછારની જુબાની | ૮૫ |
| ૧૦ | સાહેદ સુખાભાઈ સરદારભાઈ મછારની જુબાની | ૮૬ |
| ૧૧ | સાહેદ લક્ષ્મણભાઈ મણીયાભાઈ મછારની જુબાની | ૮૭ |
| ૧૨ | ડૉ. સાહેદ સ્વેતલાના કલેમેન્ટ એહારીની જુબાની | ૧૦૦ |
| ૧૩ | ત.ક.અ. દોલતસિંહ ભુરસિંહની જુબાની | ૯૫ |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેમણે મોટા ભાગના પ્રશ્નોના જવાબ નકારાત્મક આપેલ છે અને તેઓ નિર્દોષ છે તેમના પર ખોટી અદાવત રાખી કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ઘ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદૃા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, તા.૧૦/૦૫/૨૦૧૫ના કલાક ૧૮/૩૦ વાગે મોજે બેલ્યો ગામે આરોપી નં.૧નાએ સાહેદ નં.૬ માલાભાઈને બરડાના ભાગે લોખંડનો તાવેતો મારેલો તથા બાકીના આરોપીઓએ ગળદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે ? | નકારમાં |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૮) **–:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**<u>મુદાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સં જોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

**(૯) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>**

(૯.૧) ફરિયાદપક્ષે આંક–૮૧ થી ફરિયાદી મંગુબેન માલાભાઈ મછાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ આજથી આશરે દસેક વર્ષ અગાઉ બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા મારા પતિ માલાભાઈ અમરાભાઈ મછાર નાઓ તથા ગામના માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા અને હુ મારી માસી ચંપાબેનના ઘરે રોકાયેલી અને **મારા પતિને આ કામના આરોપીઓ મારતા હતા** અને તે વખતે મારા ગામના માણસો બચવા માટે નાસવા જતા હુ પણ બનાવ સ્થળે ગયેલી ત્યારે આ કામના **આરોપીઓ મારા પતિને ગડદાપાટુનો માર મારતા હતા** અને ત્યારબાદ આરોપીઓ ત્યાથી જતા રહેલા અને અમોએ બનાવ બાબતે મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારા જમણા હાથના અંગુઠાનુ નિશાન છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદ રજુ દાખલ **આંક. ૮૨** આપવામાં આવે છે. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોય આ કામના આરોપીઓને હુ આજે ઓળખી શકુ નહિ."

સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિદ્વાન એ.પી.પી. શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, "મે મારી તા.૧૧/૦૫/૨૦૧૫ ની પોલીસ રૂબરુની ફરીયાદમાં એવી હકીકત લખાવેલી કે, અમારા ગામના મછાર ભુરાભાઈ ભલાભાઈની દિકરી રેખાબેનનો સબંધ બેલ્યો મુકામે રહેતા ભીખાભાઈ પુંજાભાઈ ડામોરના દિકરા પીન્ટુ સાથે કરેલ હોય અમો બેલ્યો મુકામે ગામની રીતે પાઘડીમાં આવેલા અને હુ મારી માસી કાળીબેન રમણભાઈના ઘરે હતી તે દરમ્યાન આશરે સાડા છ વાગ્યાના સુમારે મારો ભત્રીજો મારી પાસે દોડતો

આવેલ અને મને જણાવેલ કે સરપંચને મારે છે જેથી હુ દોડતી ત્યા ગયેલ અને ત્યા જતા અંદરોઅંદર ઝપાઝપી–મારા મારી ચાલતી હોય મે મારા ગામના વજાભાઈ કાળુભાઈને પુછેલ કે ઝઘડો કેમ થયેલ છે જેથી તેઓએ અમોન ેજણાવેલ કે દાપાના પૈસાની લેવડદેવડ બાબતે બોલાચાલી થતા બેલ્યો ગામના ભીખાભાઈ પુંજાભાઈ ડામોર, રાજેશભાઈ પુંજાભાઈ ડામોર, પું જાભાઈ લાખાભાઈ ડામોર તથા પીન્ટુભાઈ ભીખાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ગાળો બોલી ભીખાભાઈ પુજાભાઈએ લોખંડનો તાવડો બરડાના ભાગે માર મારેલ અને બીજા ત્રણ માણસોએ દિલીપભાઈ હાથીભાઈ મછાર તથા લક્ષ્મણભાઈ મણીલાલ મછાર તથા વજાભાઈ કાળુભાઈ ને ગડદાપાટુનો માર મારેલ જેથી અમારા ગામના માણસો પાઘડી બાંઘવી નથી તેમ કહી ત્યાથી પાછા જવા નિકળતા હતા તે દરમ્યાન ફરીથી બીજા ચારેક માણસો જેમાં હિરાભાઈ દોલાભાઈ પરમાર અને જેશાભાઈ દોલાભાઈ પરમાર, રહે.રોલા, તા.મેઘરજનાઓએ ટ્રેકટરની હવા કાઢી નાખેલ અને તે વખતે કાળીબેન પણ આવી ગયેલા અને આ તમામ લોકો ફરીથી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને આ ઝઘડા દરમ્યાન મારા પતિના સોનાના ગુંઠોડા તથા સોનાનો દોરો તથા મોબાઈલ તથા રૂા.૫૦૦૦/– રોકડા ઝપાઝપીમાં પડી ગયેલા અને જતાજતા જાનથી મારી નાખવાની ઘમકીઓ આ લોકોએ આપેલી."

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે,"કાળીબેન તથા ચંપાબેન મારા સગામાં થાય છે. અમો જે પાઘડી બાંઘવા આવેલ તે છોકરીનુ નામ રેખાબેન ભુરાભાઈ મછાર હતુ. અમો ગામ રીતે પાઘડીમાં આવેલા. છોકરી પક્ષના પાઘડી બાઘવા સો એક લોકો આવેલા તથા વર પક્ષ વાળા સગા આશરે બસો એક માણસ હતા તેમજ ગામના આશરે બસો એક માણસો ભેગા હતા એટલે પ્રસંગ માં કુલ પાચસો એક માણસો હાજર હતા. અમારા સમાજમાં છોકરી પક્ષના છોકરા પક્ષના

ઘરે પાઘડી બાંધવા લગ્ના ત્રણ –ચાર દિવસ પહેલા જાય છે. અમારા સમાજમાં પાઘડી બાંધવાના દિવસે લગ્નની મોટી વિધી થાય છે. અમારા સમાજમા જે દાપુ નકકી થાય તે દાપાની રકમ વર પક્ષના કન્યા પક્ષને આપે છે જે નાણા ગામના મુખીને આપે છે. જે લગ્ન નકકી કરાવે તે માણસને આગળીયો (મધ્યસ્થી) કહેવાય છે. એ વાતની મને ખબર નથી કે , આગળીયો જો વર પક્ષ પાસેથી ખાનગીમાં કોઈ નાણાકીય રકમ લેવા તૈયાર થાય તો તેને વર પક્ષવાળાએ આપવી પડે. તે દિવસે મોસાર પક્ષ તરફથી મામેરુ આવે છે. મોસાર પક્ષ મામેરામાં ૧૦૦–૨૦૦ માણસો આવેલા હોય તેને અમારા સમાજમાં નુતર કહેવાય છે. એ વાતની મને ખબર નથી કે, એક બાજુ વાજા વાગતા હોય અને બીજી બાજુ લેવડદેવડ થતી હોય છે. એ વાત ખરી નથી કે બહેનો ગરબા રાસ રમતી હતી. એ વાત ખરી છે કે, **આ લગ્નમાં શા બાબતે બખેડો થયો તેની મને ખબર નથી.** ફરીયાદ આપવા માટે અમો ત્રણ સાધનો ભરી કુલ પચાસ માણસો જેટલા આવેલા. એ વાત ખરી નથી કે ફરીયાદ મારા ઘરવાળાએ લખાવેલી. **એ વાત ખરી છેકે ફરીયાદમાં મે અંગુઠો કરેલ તે સીવાય મને કોઈ ખબર નથી.** જે દિકરીના લગ્ન હતા તે દિકરી રેખાને અમે બીજે પરણાવી દિધેલ છે. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ."

**(૯.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૩ થી સાહેદ માલાભાઈ અમરાભાઈ મછાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ સને ૨૦૧૫ ની સાલમાં બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા મારી પત્ની મંગુબેન તથા ગામના ૫૦ જેટલા માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા હતા અને તે વખતે ભુરાભાઈ ભલાભાઈ તથા ભીખાભાઈ પુંજાભાઈ નાઓ વચ્ચે લેવડદેવડ બાબતે ઝઘડો થયેલો જેથી હુ છોડાવવા વચ્ચે પડેલો તે વખતે **છ–સાત**

**માણસો જેઓને જોયેથી ઓળખી શકુ તેઓએ મને લાકડી, તાવડા વડે માથાના ભાગે, બરડાના ભાગે માર મારેલ અને મારા કાનના સોનાના ગં ઠોડા તોડી દિધેલા તથા ગળાની સોનાની ચેન તોડી લીધેલ અને ખીસ્સામાં પડેલા રૂપિયા મારા કયાંક પડી ગયેલા** અને તે દરમ્યાન મારી પત્નિી મારી માસીજીના ઘરેથી તેઓ સાથે આવેલા અને મને બચાવેલ અને મેઘરજ સીવીલ દવાખાને સારવાર કરાવવા માટે ખાનગી ગાડીમાં લઈ આવેલા આ બનાવ બાબતે મારી પત્નીએ મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરુઘ્ઘ ફરીયાદ આપેલી જે ફરીયાદ બાબતે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. આ કામના આરોપીઓને હુ ઓળખુ છુ.જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી બચાવ પક્ષે ઓળખની તકરાર નથી તેવો રીપોર્ટ આપેલો છે."

સાહેદ તેમના જવાબને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિઘ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ કરતા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, "મે પોલીસ રૂબરુ તા.૧૧/૦૫/૨૦૧૫ ના રોજ બનાવ બાબતે જવાબ લખાવેલ જે જવાબમાં એવી હકીકત લખાવેલી કે, મારી પત્ની મારી માસીજી ના ઘરે ગયેલ હતી અને તે દરમ્યાન આશરે સાડા દસેક વાગ્યાના સુમારે બન્ને પક્ષે દાપાના પૈસાની લેવડદેવડ બાબતે બોલાચાલી થતા બેલ્યો ગામના ભીખાભાઈ પુંજાભાઈ ડામોર, રાજેશભાઈ પુંજાભાઈ ડામોર, પું જાભાઈ લાખાભાઈ ડામોર તથા પીન્ટુભાઈ ભીખાભાઈનાઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ગાળો બોલી ભીખાભાઈ પુજાભાઈએ લોખંડનો તાવડો મારા બરડાના ભાગે મારી દિધેલો અને બીજા માણસો મારા ઉપર ચડી બેસી મને ગડદાપાટુનો માર મારેલ. એ વાત ખરી નથી કે, મે મારા જવાબમાં એવી હકીકત લખાવેલ કે, અમારા ગામના માણસો પાઘડી બાંધવી નથી તેમ કહી ત્યાથી પાછા જવા નિકળતા હતા તે દરમ્યાન ફરીથી બીજા ચારેક માણસો

જેમાં હિરાભાઈ દોલાભાઈ પરમાર અને જેશાભાઈ દોલાભાઈ પરમાર, રહે.રોલા, તા.મેઘરજનાઓએ ટ્રેકટરની હવા કાઢી નાખેલ અને તે વખતે કાળીબેન પણ આવી ગયેલા અને આ તમામ લોકો ફરીથી મને તથા મારા ગામના લોકોને ગડદાપાટુનો માર મારવા લાગેલા. એ વાત ખરી નથી કે, મારા ગામના વજાભાઈ કાળુભાઈ દોડતા મારી માસીના ઘરે જઈ મારી પત્નીને બોલાવી લાવેલા વાળી હકીકત મે મારા જવાબમાં લખાવેલ નથી."

જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, "હુ હાલમાં ચાલુ સરપંચ છુ અને બનાવ વખતે હુ સરપંચ તરીકે હતો. અમારા ગામના મછાર ભુરાભાઈ ભલાભાઈની દિકરી રેખાના લગ્નની પાઘડીનો પ્રસંગ હોય મને ગામના આગેવાન તરીકે ભુરાભાઈ લાવેલા અને હુ ભુરાભાઈ સાથે આવેલો. અમારા ગામના પાઘડી બાંધવા માટે ૫૦–૬૦ માણસો આવેલા. તે દિવસે ગામના માણસો તથા મામેરા માણસો મળી આશરે ૩૦૦–૪૦૦ માણસો હશે. વાજુ લાગેલા અને વગડતા હતા. એ વાત ખરી નથી કે, મહિલાઓ રાસગરબા કરતી હતી. એ વાત ખરી છે કે, અમારા સમાજમાં સગાઈ કરાવે તેને આગળીયો કહેવાય છે. જે દિકરીના લગ્ન થવાના હોય તેના લગ્નના બે–ત્રણ દિવસ પહેલા પાઘડી આવે. અમારા સમાજમાં વર પક્ષના કન્યા પક્ષને દાપુ આપે તેવો રીવાજ છે. દાપુની રકમ શકિત પ્રમાણે વર પક્ષના કન્યા પક્ષને આપતા હોય છે. દાપુની રકમ બન્ને પક્ષો વચ્ચે નકકી થઈ ગયેલ હોય છે. પાઘડી બાંધતી વખતે દાપાની લેવડ દેવડ કરવાની હોય છે તે વખતે આગળીયાની સમાજ વચ્ચે બેસાડવાનો હોય છે. આગળીયો ખાનગીમાં નાણાકીય રકમ માંગે તો વર પક્ષને આપવી પડે. એ વાત ખરી નથી કે, દાપાની રકમ ગણવા મને બેસાડેલો. એ વાત ખરી નથી કે, દાપાની રકમ ઓછી નિકળતા તકરાર થયેલી. એ વાત ખરી છે કે, બેલ્યો ગામમાં મારી બે માસી સાસુ પરણાવેલી છે. બેલ્યો ગામમાં

મારે જુના સગા છે. બનાવમાં ચોકકસ કઈ વ્યકિતએ મને મારેલ તે હુ કહી શકુ નહિ. ફરીયાદી મંગુબેન મારા પત્ની છે. ફરીયાદ આપવા માટે પોલીસ સ્ટેશન ૫૦–૬૦ માણસો ગયેલા. એ વાત ખરી નથી કે, ફરીયાદની હકીકત પોલીસ સ્ટેશનમાં મે લખાવેલી. એ વાત ખરી છે કે, હુ ભાનમાં ન હોય દવાખાનામાં ડોકટરને કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. ઝઘડો કરવા વાળા વ્યકિતઓને હુ બેલ્યો ગામે આવતો જતો હોય અને મારુ જુનુ સગુ હોય તેમને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ."

(૯.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૪ થી સાહેદ વજાભાઈ કાળુભાઈ મછારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ સને ૨૦૧૫ ની સાલમાં બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા માલાભાઈ તથા બીજા ગામના ૫૦–૬૦ જેટલા માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા હતા અને તે વખતે બનાવ સ્થળે ઝઘડો થયેલો અને મારામારી અને ગાળાગાળી થયેલી અને મારી નાખવાની ધમકીઓ આપેલી બનાવ વખતે બેલ્યો ગામના માણસોએ મને તથા માલાભાઈ અમરાભાઈ , લક્ષ્મણભાઈ મણીયાભાઈ તથા સુખાભાઈ સરદારભાઈનાઓને માર મારેલ અને ત્યારબાદ અમો બચીને ત્યાથી નિકળી ગયેલા અને અમોને મેઘરજ સરકારી દવાખાને સારવાર માટે લાવેલા. પોલીસે મારો જવાબ લીધેલો. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોય આ કામના આરોપીઓને હુ આજે ઓળખી શકુ નહિ."

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરીયાદ પક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, "મે પોલીસ રૂબરુ તા.૧૧/૦૫/૨૦૧૫ ના રોજ બનાવ બાબતે જવાબ લખાવેલ જે જવાબમાં એવી હકીકત લખાવેલી કે, તા.૧

૦/૦૫/૨૦૧૫ ના રોજ અમો તથા સરપંચ તથા ગામના માણસો બેલ્યો મુકામે ભીખાભાઈ પુંજાભાઈ ડામોરના દિકરાની સગાઈ અમારા ગામમાં કરેલ હોય તેની પાઘડી લઈને આવેલા હતા અને આશરે સાડા છ વાગ્યાના સુમારે દાપાના પૈસાની લેવડદેવડ બાબતે બન્ને પક્ષો વચ્ચે બોલાચાલી થતા ઉગ્ર સ્વરુપ થતા અંદરોઅંદર મારા મારી કરવા લાગેલા અને બેલ્યો ગામના ભીખાભાઈ પુંજાભાઈ ડામોરએ લોખંડનો તાવડો અમારા ગામના સરપંચ માલાભાઈ અમરાભાઈને બરડાના ભાગે મારી દિઘેલ અને બીજા માણસોએ અમારા ગામના માણસોને ગડદાપાટુનો માર મારેલ અને ઝઘડો થતા અમારા ગામના માણસો પાઘડી બાંધવી નથી તેમ કહી ત્યાથી પાછા જવા નિકળતા હતા તે દરમ્યાન ફરીથી ૩-૪ માણસોએ ટ્રેકટરના આગળના ટાયરની હવા કાઢી નાખેલ અને અમો તમામને ગડદાપાટુનો માર મારેલા લાગેલા અને આ ઝઘડા દરમ્યાન સરપંચ માલાભાઈના સોનાના ગોંડા તથા સોનાનો દોરો તથા મોબાઈલ તથા રૂા.૫૦૦૦/- રોકડા ઝપાઝપીમાં પડી ગયેલા."

જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, "હુ ઘોરણ-૫ સુધી ભણેલ છુ. મારા ગામનુ નામ નરોડ જેનુ પેટા ફળીયુ ઉમરીયા છે. અમારા સમાજમાં છોકરી પક્ષના છોકરા પક્ષના ઘરે પાઘડી બાંઘવા લગ્ના ત્રણ-ચાર દિવસ પહેલા જાય છે. અમારા સમાજમાં પાઘડી બાંઘવાના દિવસે લગ્નની મોટી વિઘી થાય છે. તે દિવસે વર પક્ષના અને કન્યા પક્ષના માણસો ભેગા થઈ ચારસો પાંચસો માણસો થઈ જાય છે. અમારા સમાજમા જે દાપુ નકકી થાય તે દાપાની રકમ વર પક્ષના કન્યા પક્ષને આપે છે જે નાણા ગામના મુખીને આપે છે. જે લગ્ન નકકી કરાવે તે માણસને આગળીયો (મધ્યસ્થી) કહેવાય છે. આગળીયો જો વર પક્ષ પાસેથી ખાનગીમાં કોઈ નાણાકીય રકમ લેવા તૈયાર થાય તો તેને વર

પક્ષવાળાએ આપવી પડે. તે દિવસે મોસાર પક્ષ તરફથી મામેરુ આવે છે. મોસાર પક્ષ મામેરામાં ૧૦૦–૨૦૦ માણસો આવેલા હોય તેને અમારા સમાજમાં નુતર કહેવાય છે. એક બાજુ વાજા વાગતા હોય અને બીજી બાજુ લેવડદેવડ થતી હોય છે. એ વાત ખરી નથી કે, આ લગ્નમાં શા બાબતે બખેડો થયો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, મે કોઈ દવાખાનામાં સારવાર કરાવેલી નથી. એ વાત ખરી નથી કે, પોલીસે મારો કોઈ જવાબ લીધેલ હોય તેવુ હુ ચોકકસ કહી શકુ નહિ. એ વાત ખરી છે કે, જે દિકરીના લગ્ન હતા તે દિકરીને અમે બીજે પરણાવી દિધેલ છે. કેટલા રૂપિયાની લેવડ દેવડ બાબતે તકરાર થયેલી તેની ખબર નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં માલાભાઈ અમારાભાઈ અમારા ગામના સરપંચ હોય અને તેમના પત્ની હાલના કામના ફરીયાદી હોય તેમની ફરીયાદને સમર્થન આપવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ."

(૯.૪) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૫ થી સાહેદ દિલીપભાઈ હાથીભાઈ મછાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ સને ૨૦૧૫ ની સાલમાં બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા બીજા ગામના ૫૦–૬૦ જેટલા માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા હતા અને તે વખતે બનાવ સ્થળે બેલ્યો ગામના લોકોએ અમારા ગામના સરપંચ માલાભાઈ અમરાભાઈ મછાર સાથે ઝઘડો કરેલો અને મારામારી કરેલી ત્યારબાદ બેલ્યો ગામના લોકોએ અમારા ટ્રેકટરના ટાયરોની હવા કાઢી નાખેલી અને મારામારીમાં માલાભાઈને તથા મને અને અમારી સાથેના અન્ય માણસોને ઈજાઓ થયેલી અને અમોએ ઈજા બાબતે સરકારી દવાખાને સારવાર માટે લાવેલા. પોલીસે મારો કોઈ જવાબ લીધેલો નથી.

બનાવને ઘણો સમય થઈ ગયેલ હોય આ કામના આરોપીઓને હુ ચોકકસ રીતે આજે ઓળખી શકુ નહિ."

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે," બુમાબુમ થી માલુમ પડેલ કે સરપંચ માલાભાઈને મારેલા. કયા આરોપીના હાથમાં કયુ હથીયાર હતુ તે હુ કઈ શકુ નહી. સરપંચ અને તેમના પત્નિને ગણા સમય થી ઓળખુ છું. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું."

(૯.૫) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૬ થી સાહેદ સુખાભાઈ સરદારભાઈ મછાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ સને ૨૦૧૫ ની સાલમાં બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા માલાભાઈ તથા આખા ગામના માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા હતા અને તે વખતે બનાવ સ્થળે ઝઘડો થયેલો અને મારામારી અને પથ્થર મારો થયેલો અને બેલ્યો ગામના માણસો અમારા સરપંચ માલાભાઈ ને મારતા હતા અને મારી જોડે નાનુ બાળક હતુ જેથી હુ ત્યાથી નીકળી ગયેલ. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોય આ કામના આરોપીઓને હુ આજે ઓળખી શકુ નહિ."

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં

સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, " બુમાબુમ થી માલુમ પડેલ કે સરપંચ માલાભાઈને મારેલા. કયા આરોપીના હાથમાં કયુ હથીયાર હતુ તે મે જોયેલ નથી. આ બનાવ બાબતે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું."

(૯.૬) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮૭ થી સાહેદ લક્ષ્મણભાઈ મણીયાભાઈ મછાર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "બનાવ સને ૨૦૧૫ ની સાલમાં બેલ્યો ગામે બનેલો બનાવ વખતે હુ તથા માલાભાઈ તથા આખા ગામના માણસો સાથે પાઘડી બાંધવા બેલ્યો મુકામે આવેલા હતા અને તે વખતે બનાવ સ્થળે બેલ્યો ગામના માણસો સાથે પૈસાની લેવડ દેવડ બાબતે અંદરો અંદર બોલાચાલી થયેલી અને ત્યારબાદ બેલ્યો ગામના માણસો અમારા સરપંચ માલાભાઈ ને મારતા હતા જે અમે દુરથી જોયેલુ. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોય આ કામના આરોપીઓને હુ આજે ઓળખી શકુ નહિ."

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદી તેમની ફરિયાદ સમર્થન કરતા નથી. જ્યારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, " બુમાબુમ થી માલુમ પડેલ કે સરપંચ માલાભાઈને મારેલા. કોણે કયા હથીયારથી શરીરના કયા ભાગે ઈજા કરેલ તે મને ખબર નથી. આ સીવાય હુ કઈ જાણતો નથી"

**(૧૦) <u>પંચસાહેદો નો પુરાવો :–</u>**

**(૧૦.૧)** આ કામે આંક– ૪૬ થી પંચસાહેદ લક્ષ્મણભાઈ ભુરાભાઈ ખાંટ નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. આ પંચસાહેદે આંક– ૪૭ ના હથિયાર કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્રાહય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પં ચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લ ેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આમ, આંક–૪૭ થી રજુ કરવામાં આવેલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

**(૧૦.૨)** ત્યારબાદ આંક – ૯૧ થી પંચસાહેદ ભલાભાઈ લક્ષ્મણભાઈ ડામોર નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદે આંક– ૯૨ ના ગુનાવાળી જગ્યાના પંચનામમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્ર ાહય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આમ, આંક– ૯૨ થી રજુ કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામ ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

**(૧૧) <u>મેડીકલ ઓફીસર નો પુરાવો :–</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૦૦ થી ડૉ. સ્વેતલાના કલેમેન્ટ એહારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, “તા.૧૦/૦૫/૨૦૧૫ ના રોજ હુ મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. મેઘરજ ખાતે ફરજ બજાવતી હતી. તે દરમીયાન મારી સાથે ડો.એસ.એ.સુથાર નાઓ પણ ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન માલાભાઈ અમરાભાઈ મસાર રહે. ઉભરીયા, તા.મેઘરજ,જી.અરવલ્લીનાઓ પોલીસ યાદી નં.૩૦૯૫/૧૫ સાથે સી.એચ.સી. મેઘરજ ખાતે આવેલા અને તેઓને અમારી સાથેના ડો.શ્રી એસ.એ.સુથારનાઓએ તપાસેલા અને તેઓને કેસ હીસ્ટરી પુછતા જણાવેલુ કે, તેઓને તા.૧૦/૦૫/૨૦૧૫ ના રોજ સાંજના છ વાગે પથ્થર,લાકડીથી તથા ગડદા પાટુનો માર મારેલ છે. જેઓની ડો.શ્રીએ તપાસતા તે સંપુર્ણ ભાનમા હતા અને તેના પલ્સ રેટ ૭૨ પ્રતી મીનીટ હતા તથા બીપી ૧૧૬/૭૮ હતું અને તેમનુ શારીરીક તપામાન સામાન્ય હતુ તેમને તપાસતા તેમને શરીરે નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. ઈજા નં. ૧ : જમણી બાજુ કાનની બુટના ભાગે ૫×૨×૧ સેમી જેટલો સળંગ ઉડો ઘા હતો. ઈજા નં. ૨ : પાસળીથી નીચેના ભાગે દુખાવો હતો.ઈજા નં. ૩ : માથાના ભાગે દુખાવો જણાયેલ.સદર ઈજાઓ સાદા પ્રકારની હોઈ તેઓને પ્રાથમીક સારવાર આપીને તેજ દિવસે રાત્રીના ૧૧/૪૫ વાગે રજા આપી દિધેલી. તેઓને થયેલ ઈજા સખત અને બોથડ પ્રદાર્થ જેવા કે લાકડી,પથ્થર માર મારવામાં આવે અને ગડદાપાટુનો માર મારવામાં આવે તો થઈ શકે તેવા પ્રકારની હતી તે બાબતનુ ડો.શ્રી એસ.એ.સુથારનાઓએ તા.૧૦/૦૫/૨૦૧૫ ના રોજ મેડીકલ સર્ટી નં.૧૪૧/૨૦૧૫ થી આપેલુ જે આંક–૯૬ વાળુ મેડીકલ સટીફિકેટ મને બતાવવામાં

આવે છે તે જોઇને કહુ છુ કે તેમા ડો.શ્રી એસ.એ.સુથારની સહી તથા હોદદાનુ સીલ છે જે હુ ઓળખી બતાવુ છુ ."

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, "હુ સને ૨૦૧૨ થી ડોકટર તરીકે ફરજ બજાવુ છુ. દર્દીઓ પોલીસ યાદી સાથે આવેલ હોય તેવી યાદી આ કામે રજુ કરેલ નથી. કહેવાતી ઈજાઓ કેટલી જુની હતી તે ચોકકસ સમય સદર મેડીકલ સર્ટીફિકેટમાં જણાવેલ નથી. સદર મેડીકલ સટીફિકેટમાં હીસ્ટ્રીની વિગત કોણે આપેલ છે તે જણાવેલ નથી. સદર સર્ટીફીકેટમાં કઈ વ્યકતીએ ઈજા પહોચાડેલી તે લખેલુ નથી. દર્દીની ઓળખની ચિન્હો સદર મેડીકલ સર્ટીફિકેટમાં જણાવેલ નથી. કોઈપણ વ્યકિત રોડ ઉપર પડી જાય તો મારા મેડીકલ સર્ટીફિકેટમાં જણાવેલ ઈજાઓ થઈ શકે. કોઈ વ્યકિત સતત વજન ઉચકે તો તેને પાસળી નીચે દુખાવો થઈ શકે.` સદર દર્દીને અમોએ તપાસેલ નથી. એ વાત ખરી નથી કે, કોઈ દર્દીને તપાસેલ ન હોવા છતાં ડો.શ્રી એસ.એ.સુથાર નાઓએ ખોટુ મેડીકલ સટીફિકેટ ઈસ્યુ કરેલ. એ વાત ખરી નથીકે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ."

## (૧૨) <u>તપાસ કરનાર અધિકારીનો પુરાવો :–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૯૫ થી ત.ક.અ. દોલતસિંહ ભુરસિંહ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, "હું તા.૧૧/૦૫/૨૦૧૫ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી મંગુબેન માલાભાઈ મછારનાઓએ પી.એસ.ઓ. અ.હે.કો.રમણભાઈ કુસાભાઈનાઓ રૂબરુ ફરીયાદ નોધાવતા જે તેઓએ મેઘરજ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૯૫/૨૦૧૫, ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪

તથા જી.પી.એકટની કમલ – ૧૩૫ મુજબ નોંધી આગળની તપાસ અમોને સોપેલ જે ફરીયાદ આ કામે **આંક–૮૨** થી રજુ છે તે જ છે અને ત્યારબાદ અમોએ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા ત્યારબાદ ગુન્હાવાળી જગ્યા આ કામના સાહેદ બાબુબેન ભીખાભાઈ ડામોરનાઓએ બતાવતા તેનુ પંચો રૂબરુ પંચનામુ કરેલ જે **આંક – ૯૨** વાળુ પં ચનામુ મને બતાવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચોની મારી રૂબરુ સહીઓ છે જે ઓળખી બતાવુ છુ ત્યારબાદ અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધેલા અને સદર ગુન્હામાં આરોપીઓને અટક કરેલ અને તેઓએ ગુન્હાના કામે વાપરેલ હથીયાર સ્વખુરી પંચો રૂબરુ રજુ કરેલ જે **આંક–૪૭** વાળુ પંચનામુ મને બતાવામાં આવે છે તેમાં પંચોની મારી રૂબરુ સહી છે જે ઓળખી બતાવુ છુ ત્યારબાદ આ કામના માલાભાઈ અમરાભાઈ મછારનાઓને થયેલ ઈજા બાબતનુ મેડીકલ સર્ટી તપાસના કામે સામેલ રાખેલ જે અસલ મેડીકલ સર્ટી આ કામે રજુ કરુ છુ જે રજુ દાખલ **આં ક– ૯૬** આપવામાં આવે છે. ત્યારબાદ તપાસના કાગળો વંચાણે લેતાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. આરોપી નં.૧ , ૨, ૪, ૫, ૬, ૭ તર્ફે મુકતી રીપોર્ટ રજુ આરોપીઓની ઓળખ અંગે તકરાર નથી.”

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, “બેલ્યો ગામ મોટી વસ્તીવાળુ ગામ છે તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય રહેણાંકના મકાનો આવેલા છે. આ કામના સાહેદો ફરીયાદીના કુટુંબના છે. કહેવાતો બનાવ લગ્નનો પ્રસંગ હતો એમા બનેલો. સદર કામે ફરીયાદીના સગા સંબધી સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. બનાવ બાબતની એફ.આઈ.આર. તા.૧૧

/૦૫/૨૦૧૫ ની રોજની જણાવેલી. બનાવ તા.૧૦/૦૫/૨૦૧૫ ના રોજનો છે. બેલ્યો ગામની જમીન ખાડા ટેકરાવાળી અને પથરાળ આવેલ છે. એ વાત ખરી નથી કે, મે ફરીયાદ મુજબ સાહેદોના નિવેદનો લખી લીધેલા. એ વાત ખરી નથી કે, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે અટક કરી અમોએ આરોપીઓ વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ."

## (૧૩) <u>પુરાવાઓનુ મુલ્યાકન:-</u>

**(૧૩.૧)** સદર કામે રજુ રાખેલ પુરાવાઓનુ મુલ્યાકન કરવામાં આવે તો, સદર કામે રજુ આંક- ૮૨ ની ફ્રીયાદમાં ફરિયાદીએ આરોપી નં.૧ દ્વારા લોખંડના તાવડાથી માર મારવાનો તથા અન્ય આરોપીઓ દ્વારા ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો સ્પષ્ટ આરોપ મૂક્યો હતો. તે અનુસંધાને ફ્રીયાદીની જુબાની ધ્યાને લઈએ તો તેણીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,આ કામના આરોપીઓએ તેમના પતિને ગડદાપાટુનો માર મારેલ છે. તેમજ બનાવને ઘણો સમય વીતી ગયો હોવાથી આરોપીઓને ઓળખી શકતી નથી. આમ,ફ્રીયાદીની આખી જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ પૈકી કોણે શું કર્યું તેની ખાતરીપૂર્વક વાત કરી નથી. ફ્રીયાદીએ ફરિયાદપક્ષની ઉલટતપાસમાં તેણીએ કેટલીક હકીકતો સ્વીકારી હોવા છતાં પોલીસ સમક્ષ આપેલું નિવેદન સ્વતંત્ર પુરાવો નથી. તે માત્ર વિરોધાભાસ દર્શાવવા માટે ઉપયોગી બની શકે છે. વળી, ફ્રીયાદી તેમની ઉલટતપાસમાં કબુલેલ છે કે, ફ્રીયાદમાં તેઓએ માત્ર અંગુઠો કરેલો તે સિવાય તેમને ખબર નથી. તેમજ ફ્રીયાદ આપવા ત્રણ સાધનો ભરી માણસો ગયેલાનુ જણાવેલ છે. જેના પરથી ફ્રીયાદીએ ફ્રીયાદની હકીકતો પોલીસને લખાવેલ ન હોવાનુ ફલિત થાય છે. તેથી ફરિયાદીની જુબાની અને ફ્રીયાદ

શંકાસ્પદ બની જતી હોય, તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

વધુમાં, ફરીયાદીના પતિ ઈજા પામનાર સાહેદ માલાભાઈ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, છ –સાત માણસો જેઓને તેઓ જોયેથી ઓળખે છે. તેઓએ તેમને લાકડી, તાવડા વડે માથાના ભાગે, બરડાના ભાગે માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદમાં સાહેદને માથાના ભાગે કોઈ ઈજા કરેલ હોવાનુ લખેલ નથી. સદર સાહેદ આરોપીને જોયેથી ઓળખે છે નામજોગ ઓળખતા નથી. જેથી ફરીયાદ મુજબ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલ નથી. સદર સાહેદે પણ ફરિયાદપક્ષની ઉલટતપાસમાં તેણીએ કેટલીક હકીકતો સ્વીકારેલ છે. પરંતુ પોલીસ સમક્ષ આપેલું નિવેદન સ્વતંત્ર પુરાવો ન હોય, તે માત્ર વિરોધાભાસ દર્શાવવા માટે ઉપયોગી બની શકે છે. વધુમાં, સદર સાહેદની જુબાનીના અનુસંધાને ડોકટરની જુબાની ધ્યાને લઈએ તો ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં, સાહેદ માલાભાઈ અમરાભાઈ મસાર નાઓને જમણી બાજુ કાનની બુટના ભાગે, પાંસળીના નીચેના ભાગે તથા માથાના ભાગે દુખાવો હોવાનુ જણાવેલ છે. પરંતુ સદર કામે તેવી કોઈ જ ઈજા ફરીયાદીએ તેની ફરીયાદ કે જુબાનીમાં જણાવેલ નથી. તેમજ ફરીયાદીની ફરીયાદ તથા જુબાની તથા ઈજા પામનારની જુબાનીમાં સાહેદ માલાભાઈને જે બરડાના ભાગે ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. તેવી કોઈ જ ઈજા આંક– ૯૬ ના મેડિકલ સર્ટીફિકેટમાં જણાવેલ નથી. વધુમાં, આંક– ૯૬ નુ સારવાર સર્ટીફીકેટ ધ્યાને લેતાં, હાલના કામના આરોપીઓ દ્વારા લાકડી, પથ્થર કે ગડદાપાટુનો માર મારવામાં આવેલ હોવાની હીસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં ઈજા પામનાર સાહેદ માલાભાઈએ પોલીસને તા. ૧૧/૦૫/૨૦૧૫ ના રોજ પોલીસ નિવેદન લખાવેલ તેમાં આરોપીઓના નામો લખેલ છે. પરંતુ તા. ૧૦/૦૫/૨૦૨૫ ના રોજ ડોકટરની

હિસ્ટ્રીમાં કયા વ્યકિતએ તેઓને ઈજા પહોચાડેલ તે હકીકત જણાવેલ નથી. વધુમાં, ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબ ઈજા પામનાર સાહેદે તેમને તોવેતોથી ઈજા કરેલ હોવાની હકીકત આંક– ૯૬ ના મેડિકલ સર્ટીફીકેટની હિસ્ટ્રીમાં જણાવેલ નથી. આમ, સાહેદ માલાભાઈને ચોકકસ કયા હથિયાર વડે માર મારવામાં આવેલ છે તે ચોકકસ જણાવેલ નથી. આમ, રજુ પુરાવાઓ તથા મેડિકલ સર્ટીફીકેટની હકીકતો વિરોધાભાસી જણાય છે. જેના કારણે ગુનાની કળીઓ મળતી નથી અને સાહેદને થયેલ ઈજાઓ શંકાસ્પદ બની જાય છે. .

વધુમાં, સદર કામે તપાસેલ અન્ય **સાહેદ વજાભાઈ કાળુભાઈ મછાર**નાઓએ તેમની જુબાનીમાં, બનાવ વખતે બેલ્યો ગામના માણસોએ મને તથા માલાભાઈ અમરાભાઈ, લક્ષ્મણભાઈ મણીયાભાઈ તથા સુખાભાઈ સરદારભાઈનાઓને માર મારેલા નુ જણાવેલ છે. **સાહેદ દીલીપભાઈ હાથીભાઈ મછાર** તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારામારીમાં માલાભાઈને, તેમને તથા તેમની સાથેના અન્ય માણસોને ઈજાઓ થયેલી હોવાનુ જણાવેલ છે. આમ, બંને સાહેદો બનાવમાં તેમને પોતાને તથા માલાભાઈ અને અન્યને ઈજાઓ થયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ સદર સાહેદોને કોઈ ઈજા થયેલ હોય તેવી હકીકત ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં કે અન્ય સાહેદોની જુબાનીમાં જણાવેલ નથી કે તેઓએ તેઓને થયેલ ઈજા અંગે કોઈ સારવાર લીધેલ હોય તેવુ મેડિકલ સર્ટીફકિટ રજુ કરેલ નથી. વધુમાં, બંને સાહેદોએ તેમની જુબાનીમાં આરોપીઓને ઓળ્અખી શકે નહી તેવુ જણાવેલ છે તેમજ બનાવ સમયે કયા આરોપીએ ચોકકસ કયા હથીયાર વડે કોને શરીરે કયા ભાગે મારેલ તેવી કોઈ ચોકકસ સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી. જેથી સદર સાહેદોની જુબાનીમાં જણાતા વિરોધાભાસના કારણે તેમની જુબાની શંકાસ્પદ બની જાય છે.

વધુમાં, સાહેદ સુખાભાઈ સરદારભાઈ તથા સાહેદ લક્ષ્મણભાઈ મણીયાભાઈ મછાર નાઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સ્થળે બેલ્યો ગામના માણસો સરપંચ માલાભાઈને મારતા હતા. પરંતુ ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, કોણે કયા હથીયારથી કયા ભાગે ઈજા કરેલ તેની તેમને ખબર નથી. આમ, બંને સાહેદોને બનાવની જાત માહીતી ન હોવાનુ સ્પષ્ટ થતુ હોય ત્યારે તેમની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૩.૨)** વધુમાં, સદર કામે તપાસ કરનાર અધિકારી ની જુબાની ધ્યાને લઈએ તો, તેઓ તેમની જુબાનીમાં કબુલે છે કે આ કામના સાહેદો ફરીયાદીના કુટુંબના છે. સદર કામે ફરીયાદીના સગા સબંધી સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. સદર કામે તમામ સાહેદો ફરીયાદીના સગા સબંધી હોય, તે તમામ સાહેદો આ કામે હિત ધરાવતા સાહેદો ગણી શકાય. જો કે પુરાવાનો એવો નિયમ નથી કે ભોગ બનનારના સગાઓનો પુરાવો ધ્યાનમાં ન લઈ શકાય પણ ભોગ બનનારના સગા સબંધીનો પુરાવો ધ્યાનમાં રાખતી વખતે કોર્ટે ખુબજ સંભાળ અને કાળજી રાખવી જોઈએ તેવો ડહાપણનો નિયમ છે. આ સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટ નો ચુકાદો ધ્યાનમાં લેવામાં આવે તો **AIR 2013 S.C.983 "Raju v. State of Tamil Nadu"** તેમાં ઠરાવેલ છે કે,

38.The sum and substance is that the evidence of a related or interested witness should be meticulously and carefully examined. In a case where the related and interested witness may have some enmity with the assailant, the bar would need to be raised and the evidence of the witness would have to be examined by

applying a standard of discerning scrutiny. However, this is only a rule of prudence and not one of law...

ઘણા કેસોમાં એવુ પણ બને છે કે હિત ધરાવતા સાહેદો એવુ ઈચ્છતા હોય છે કે આરોપીને સજા થાય અને તે માટે તેવો સાચા બનાવ ઉપરાંત તેમાં હકિકતોનો ઉમેરો કરી અને પુરાવો રજુ કરતા હોય છે કે જેથી ફરીયાદ પક્ષનો કેસ મજબુત થાય અને તેમની તરફેણમાં ચુકાદો આવે. આ પ્રકારના માત્ર હિત ધરાવતા સાહેદોનો પુરાવો જયારે રેકર્ડ ઉપર છે ત્યારે આ કામમાં પણ અત્રેની કોર્ટે ખુબજ કાળજી રાખી અને પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે. માત્ર ફરીયાદ પક્ષના હિત ધરાવતા સાહેદોની મૌખીક જુબાની માની અને આરોપીને દોષીત ઠરાવવામાં આવે તો તેનાથી સાચો ન્યાય થયેલ ગણાય નહી. આ ફરીયાદ પક્ષના એક જ કુટુંબનાં સભ્યો તથા સગા સંબંધીઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે, ત્યારે આ પ્રકારના પુરાવાના સમયે કેસની હકીકત અને અન્ય પુરાવો પણ ધ્યાનમાં રાખવા પડે અને તેના આધારે સત્યની શોધ કરવાની રહે છે પણ આ કામે ફરીયાદપક્ષનાં કહેવા મુજબ પ્રસંગમા કુલ પાંચસો માણસો હાજર હતા અને ત્યાં સહેલાઈથી બનાવના નજરે જોનાર સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતા ત.ક.અધિકારીએ તેવા કોઈ બનાવ નજરે જોયેલ હોય તેવા સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો હાલનાં કામે લીધેલ ન હોવાનું જણાઈ આવે છે, જેથી આ કામે ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

વધુમાં, સદર કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની કોઈ જ હકીક્તોને સમર્થન આપતા ન હોય સદર કામે આંક– ૪૭ નુ હથીયાર કબજે કર્યાનુ પંચનામુ તથા આંક– ૯૨ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી. આમ, રેકર્ડ પર રજુ પુરાવો વિરોધાભાસી હકીકતો જણાવે છે. જેથી,

બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૩,૧૧૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૩.૩) હવે ઈ.પી.કો. કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદી/ સાહેદ ને મા– બહેન સામી બિભત્સ ગાળો બોલ ેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા તપાસવામાં આવેલ તમામ સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ગાળોમાં શું શબ્દો બોલ ેલા તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો. કલમ–૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતા હાલનાં કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનાં તત્વો સં તોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે ત્યારે આરોપીઓની ધમકીનાં કારણે ફરીયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય

કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામનાં આરોપીઓને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૩.૪)** હવે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ ચર્ચા કરવામાં આવે તો, બનાવની તારીખે, સમયે અને સ્થળે ખરેખર હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? તે અં ગે ફરીયાદપક્ષે જે તે કચેરીનાં કોઈ જવાબદાર કર્મચારીને તપાસેલ નથી કે તેવું કોઈ જાહેરનામું કે તેની નકલ પણ રજુ કરેલ નથી. જેથી સદર હથિયારબંધી અં ગેના જાહેરનામાનાં અમલીકરણ અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત્યારે હાલનાં આરોપીઓને તે મુજબ જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૩.૫)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનું મુલ્યાં કન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપાયેલા **આંક–૩૪** નાં તહોમતનામાં મુજબનાં ગુનાનાં આવશ્યક તત્વો મુજબનો પુરાવો રજુ કરી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ** ''**નકારમા**'' ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન સે. ગુ. ર. નં. ૩૦૯૫/૨૦૧૫ ના કામે (૨) રાજેશભાઈ પુજાભાઈ ડામોર (૪)

પીન્ટુભાઈ ભીખાભાઈ ડામોર(૫) હીરાભાઈ દોલાભાઈ પરમાર(૬) જેશાભાઈ દોલાભાઈ પરમાર(૭) કાલીબેન વા/ઓ ઉર્ફે મણીબેન હીરાભાઈ પરમાર, આરોપી નં.૧ થી ૪ રહે.બેલ્યો,તા.મેઘરજ તથા ૫ થી ૭ રહે.રોલા,તા.મેઘરજ,જી.અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૧.૧) **આ કામે આરોપી નં ૧** ભીખાભાઈ પુજાભાઈ ડામોર તથા **આરોપી નં. ૩ પુજાભાઈ લાખાભાઈ ડામોરનાઓ મરણ જતા અબેટ હુકમ કરવામાં આવેલ છે.**

(૨) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૦૪ થી, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૪/૦૭/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |